સંયુક્ત પસંદગી સમિતિ, નાણા વિભાગ, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર

નાણા વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓની નીચે દર્શાવેલી વર્ગ–૩ ની જગ્યાઓ પર નિમણૂંક માટે ઉમેદવારો પસંદ કરવા મેરીટ યાદી તૈયાર કરવા માટે જગ્યાના સંદર્ભમાં ઉલ્લેખ કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતાં ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓજસ વેબસાઈટ પર ઓનલાઈન અરજીઓ માંગવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://ojas.guj.nic.in વેબસાઈટ પર તા.૧૪–૧૧–૨૦૧૧ (૧૭.૦૦ કલાકથી) તા.૦૫–૧૨–૨૦૧૧ (સમય રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી)દરમ્યાન અરજી કરવાની રહેશે. ઉમેદવારે તાજેતરનો પાસપોર્ટ ફોટોગ્રાફ (15 kb) અને સહીનો નમૂનો (15 kb) સાઈઝથી વધે નહી તે રીતે JPG ફોર્મેટમાં સ્કેન કરી ઓનલાઈન અરજીમાં અપલોડ કરવાનો રહેશે. ઉમેદવારે પોતાના બધા જ શૈક્ષણિક, વય અને જાતિ તેમજ લાયકાતના પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે અને અરજીપત્રકમાં તે મુજબની વિગતો ભરવાની રહેશે. પસંદગીની પ્રક્રીયા હેતુલક્ષી પ્રશ્નોવાળી OMR પદ્ધતિથી લેવાનાર પરીક્ષા રહેશે. પરીક્ષા સંદર્ભની બધી જ સૂચનાઓ મોબાઈલ નંબર પર SMS થી આપવામાં આવશે. આથી અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવો અને પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી તે નંબર જાળવી રાખવો જરૂરી છે.

૧.ભરવાપાત્ર જગ્યાઓ સહ અનામતની ટકાવારી મુજબ જાતિવાર ભરવાની થતી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

જાહેરાત ક્રમાંક	સંવર્ગ	કચેરી	સીધી ભરતીથી ભરવાની જગ્યાઓ	અનુસુચિત જાતિ ૭%			અનુસુચિત જનજાતિ ૧૫%			સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ ૨૭%			શારીરિક ખોડ ખાંપણ	બિન અનામત ૫૧%		
				સામાન્ય	સ્ત્રી	કુલ	સામાન્ય	સ્ત્રી	કુલ	સામાન્ય	સ્ત્રી	કુલ		સામાન્ય	સ્ત્રી	કુલ
૧/૨૦૧૧	હિસાબનીશ	હિસાબ અને તિજોરી નિયામક	૮૯	૪	૨	૬	૯	૪	૧૩	૧૭	૭	૨૪	૨	૩૨	૧૪	૪૬
૨/૨૦૧૧	નાયબ હિસાબનીશ	હિસાબ અને તિજોરી નિયામક	૧૦૦	૫	૨	૭	૧૦	૫	૧૫	૧૯	૮	૨૭	૩	૩૬	૧૫	૫૧
૩/૨૦૧૧	પેટા હિસાબનીશ	હિસાબ અને તિજોરી નિયામક	૪૫૦	૨૨	૯	૩૧	૪૭	૨૦	૬૭	૮૫	૩૬	૧૨૧	૧૩	૧૬૨	૬૯	૨૩૧
૪/૨૦૧૧	જુનિયર ટેકનીકલ આસિસ્ટન્ટ	વિમા નિયામક	૧૩	૧	૦	૧	૨	૧	૩	૩	૧	૪	૦	૩	૨	૫
૫/૨૦૧૧	સિનીયર ટેકનીકલ આસિસ્ટન્ટ	વિમા નિયામક	૨	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૨	૦	૨
૬/૨૦૧૧	સિનીયર ક્લાર્ક (બેકલોગ)	કમિશનર , વાણિજ્યિક વેરા	૨૩	૦	૦	૦	૧૭	૬	૨૩	૦	૦	૦	૦	૦	૦	૦
૭/૨૦૧૧	સિનીયર ક્લાર્ક	કમિશનર , વાણિજ્યિક વેરા	૫૪	૩	૦	૩	૬	૨	૮	૧૦	૪	૧૪	૧	૨૧	૮	૨૯

ઉપરોક્ત જગ્યાઓ પૈકી પેટા હિસાબનીશ સંવર્ગમાં જગ્યાઓ વધવાની શક્યતા છે. જો જગ્યાઓનો વધારો થશે તો આ અંગે વર્તમાનપત્રમાં જાહેરાત આપવામાં આવશે તથા નાણા વિભાગ અને ઓજસની વેબસાઈટ પર આ અંગેની અદ્યતન વિગતો મૂકવામાં આવશે.

૨ ❖ અનામત જગ્યાઓ ફકત મુળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટે જ અનામત છે.

❖ અનામત વર્ગોના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

- ઉમેદવારે ઓનલાઈન ફોર્મ ભરતી વખતે તેઓ અનામત કેટેગરીમાં અરજી કરવા માંગે છે કે બિન અનામત કેટેગરીમાં અરજી કરવા માંગે છે તે સ્પષ્ટ જણાવવું. એક વખત ઓનલાઈન અરજી કર્યા બાદ ઓનલાઈન ફોર્મમાં દર્શાવેલ જાતિ / કક્ષામાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવા દેવામાં આવશે નહીં. જો કોઈ ઉમેદવાર પાછળથી આ બાબતે રજૂઆત કરશે, તો તેની રજૂઆત સ્વીકારવામાં આવશે નહિ કે તેનો કોઈ પ્રત્યુત્તર આપવામાં આવશે નહિ. ઉમેદવારોને આ સૂચના ધ્યાને લઈ તેનું અચૂકપણે પાલન કરવા જણાવવામાં આવે છે.
- માજી સૈનિક માટે કુલ ભરવાપાત્ર જગ્યાઓનાં ૧૦ ટકા મુજબ જગ્યાઓ અનામત છે, જે જે તે કેટેગરી સામે સરભર કરાશે. માજી સૈનિક માટેની અનામત જગ્યાઓ માટે જો લાયક માજી સૈનિક ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.
- શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારોની અનામત જગ્યાઓનો જે તે કેટેગરી સામે સમાવેશ કરવામાં આવશે.
- શારીરિક ખોડખાંપણ ધરાવનાર વ્યક્તિઓ માટે સરકારી સેવામાં સીધી ભરતીથી નિમણૂંકની પ્રક્રિયામાં વિકલાંગ ધારો – ૧૯૯૫ ની જોગવાઈઓ અનુસાર ૩ ટકા અનામતમાં અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિની કેટેગરી–૧ માટે ૧ ટકો તથા શ્રવણની ખામીની કેટગરી–૨ માટે ૧ ટકો કે જે ઉમેદવારો ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી વિકલાંગતા ધરાવતાં હોય તેમના માટે અનામત રહેશે તથા હલનચલન કેટેગરી–૩ ની વિકલાંગતા – OA (One arm), OL(One Leg), BL(Both Leg), OAL (One arm and One leg)– અથવા મગજનો લકવો (cerebral palsy) ધરાવતા ઉમેદવારો માટે પણ ૧ ટકો જગ્યા અનામત રહેશે.
- શારીરિક ખોડખાંપણની જગ્યાઓ નીચે મુજબ ભરવાની રહેશે.

જાહેરાત ક્રમાંક	સંવર્ગ	શારીરિક ખોડ ખાંપણ	અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિની કેટેગરી–૧	શ્રવણની ખામીની કેટગરી–૨	હલનચલનની વિકલાંગતા અથવા મગજનો લકવો કેટગરી–૩
૧	૨	૩	૪	૫	૬
૧/૨૦૧૧	હિસાબનીશ	૨	૧	૧	૦
૨/૨૦૧૧	નાયબ હિસાબનીશ	૩	૧	૧	૧
૩/૨૦૧૧	પેટા હિસાબનીશ	૧૩	૫	૪	૪
૭/૨૦૧૧	સિનીયર કલાર્ક	૧	૧	૦	૦

શારીરિક ખોડખાંપણની ઉપર દર્શાવ્યા મુજબની જગ્યાઓ પૈકી કેટેગરી –૧ ના ઉમેદવારો ન મળે કે ઓછા મળે તો તે જગ્યાઓ કેટેગરી–૨ થી અને જો તે પણ ન મળે કે ઓછા મળે તો તે જગ્યાઓ કેટેગરી–૩ થી ભરવામાં આવશે.

- મહિલાઓ માટેની જગ્યાઓ ૩૦ ટકા મુજબ અનામત છે, જે જે તે કેટેગરી સામે સરભર કરાશે. મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાએ જો લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કેટેગરીના પુરૂષ ઉમેદવારોથી ભરવામાં આવશે.
- સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ ભરતી તથા નિમણૂંક સમયે પુનઃ લગ્ન કરેલ ન હોવા જોઈએ. ઉપરાંત સમિતિ માંગે ત્યારે તેના તમામ પુરાવાઓ અસલમાં રજૂ કરવાના રહેશે.
- એથલેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફૂટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઈટલિફ્ટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમ્નેસ્ટિક, જૂડો, રાઈફલશુટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો/ખેલકૂદમાં રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમણે મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે નક્કી કરેલ સત્તાધિકારી પાસેથી મેળવેલ જરૂરી પ્રમાણપત્ર સરકારશ્રી માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે.

ઉક્ત જગ્યાઓના વેતન અને પગાર ધોરણ, શૈક્ષણિક લાયકાત, અનુભવ તથા વય મર્યાદાની વિગતો નીચે મુજબ છે.

સંવર્ગ	પગાર ધોરણ	પ્રથમ પાંચ વર્ષ માટે મળવાપાત્ર વેતન	શૈક્ષણિક લાયકાત	અનુભવ	વય મર્યાદા
૧.હિસાબનીશ	રૂા.૯૩૦૦–૩૪૮૦૦ (ગ્રેડ પે રૂા.૪૪૦૦)	રૂા.૧૦,૦૦૦	એમ.બી.એ. /એમ.સી.એ. / એમ.કોમ/ એમ.એસ.સી (ગણિત/ આંકડાશાસ્ત્ર) / એમ.એ (આંકડાશાસ્ત્ર/અર્થશાસ્ત્ર/ગણિત) અથવા બીજા વર્ગની બી.બી.એ. /બી.કોમ/ બી.એસ.સી (ગણિત/આંકડાશાસ્ત્ર)/બી.એ. (આંકડાશાસ્ત્ર/અર્થશાસ્ત્ર/ ગણિત) ની પદવી	––	૩૦ વર્ષથી વધુ નહીં
૨.નાયબ હિસાબનીશ	રૂા.૯૩૦૦–૩૪૮૦૦ (ગ્રેડ પે રૂા.૪૨૦૦)	રૂા.૯૪૦૦	બી.બી.એ./બી.કોમ./બી.એસ.સી. (ગણિતશાસ્ત્ર/આંકડાશાસ્ત્ર)/ બી.એ. (આંકડાશાસ્ત્ર /અર્થશાસ્ત્ર/ ગણિતશાસ્ત્ર)ની બીજા વર્ગની પદવી	––	૨૮ વર્ષથી વધુ નહીં
૩.પેટા હિસાબનીશ	રૂા.૫૨૦૦–૨૦૨૦૦ (ગ્રેડ પે રૂા.૨૪૦૦)	રૂા.૫૩૦૦	બી.બી.એ./બી.કોમ./બી.એસ.સી (ગણિતશાસ્ત્ર/ આંકડા શાસ્ત્ર) / બી.એ. (આંકડાશાસ્ત્ર / અર્થશાસ્ત્ર / ગણિતશાસ્ત્ર) ની પદવી	––	૨૮ વર્ષથી વધુ નહીં
૪.જુનિયર ટેકનીકલ આસિસ્ટન્ટ	રૂા.૫૨૦૦–૨૦૨૦૦ (ગ્રેડ પે રૂા.૨૮૦૦)	રૂા.૯૪૦૦	૫૫ ટકાથી વધુ કુલ માર્ક્સ સાથે વાણિજ્ય અથવા કાયદાની પદવી અથવા ગણિતશાસ્ત્ર અથવા આંકડાશાસ્ત્રના મુખ્ય વિષય સાથે મેળવેલી અન્ય વિદ્યાશાખાની પદવી /ફેડરેશન ઓફ ઈન્સ્યોરન્સ ઈન્સ્ટીટ્યુટ ઈન ઈન્ડીયા અથવા ચાર્ટર્ડ ઈન્સ્યોરન્સ ઈન્સ્ટીટ્યુટ ઓફ લંડનનો ડીપ્લોમા ઓફ લાયસન્સીએટ (ઈન જનરલ ઈન્સ્યોરન્સ) ધરાવતાં હોય તો કોઈપણ વિદ્યાશાખાની પદવી	જનરલ ઈન્સ્યોરન્સના ક્ષેત્રનો પ્રેક્ટીકલ અનુભવ ધરાવનારને અગ્રતા આપવામાં આવશે.	૩૦ વર્ષથી વધુ નહીં પરંતુ અસાધારણ સારી શૈક્ષણિક લાયકાત અથવા અનુભવ અથવા બંને હોય તો વય મર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે.
૫.સિનીયર ટેકનીકલ આસિસ્ટન્ટ	રૂા.૯૩૦૦–૩૪૮૦૦ (ગ્રેડ પે રૂા.૪૪૦૦)	રૂા.૧૦,૦૦૦	કૃષિ/વિજ્ઞાન/વાણિજ્ય/કાયદા અથવા વિનયન (આર્ટસ)ની સ્નાતકની પદવી અને ફેડરેશન ઓફ ઈન્સ્યોરન્સ ઈન્સ્ટીટ્યુટ ઈન ઈન્ડીયા અથવા ચાર્ટર્ડ ઈન્સ્યોરન્સ ઈન્સ્ટીટ્યુટ ઓફ લંડનનો ડીપ્લોમા ઓફ લાયસન્સીએટ (ઈન જનરલ ઈન્સ્યોરન્સ) / ફેડરેશન ઓફ ઈન્સ્યોરન્સ ઈન્સ્ટીટ્યુટ ઈન ઈન્ડીયા અથવા ચાર્ટર્ડ ઈન્સ્યોરન્સ ઈન્સ્ટીટ્યુટ ઓફ લંડનનો ડીપ્લોમા ઓફ એસોશિએટ (ઈન જનરલ ઈન્સ્યોરન્સ)	સરકારના વીમા વિભાગ અથવા જનરલ ઈન્સ્યોરન્સ કંપનીમાં જનરલ ઈન્સ્યોરન્સને લગતી કામગીરીનો ત્રણ વર્ષ જેટલો અનુભવ • ફેડરેશન ઓફ ઈન્સ્યોરન્સ ઈન્સ્ટીટ્યુટ ઈન ઈન્ડીયા અથવા	૩૦ વર્ષથી વધુ નહીં પરંતુ અસાધારણ સારી શૈક્ષણિક લાયકાત અથવા અનુભવ અથવા બંને હોય તો વય મર્યાદા વધારી શકાશે. ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારોને પણ વય

				ચાર્ટર્ડ ઈન્સ્યોરન્સ ઈન્સ્ટીટ્યુટ ઓફ લંડનનો ડીપ્લોમા ઓફ એસોસીએટ (ઈન જનરલ ઈન્સ્યોરન્સ) ધરાવનારને અગ્રતા આપવામાં આવશે.	મર્યાદામાં સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર છૂટછાટ આપવામાં આવશે . ફેડરેશન ઓફ ઈન્સ્યોરન્સ ઈન્સ્ટીટ્યુટ ઈન ઈન્ડીયા અથવા ચાર્ટર્ડ ઈન્સ્યોરન્સ ઈન્સ્ટીટ્યુટ ઓફ લંડનનો ડીપ્લોમા ઓફ એસોસીએટ (ઈન જનરલ ઈન્સ્યોરન્સ) ધરાવનારને વયમર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે.
૬.સિનીયર ક્લાર્ક	રૂા.૫૨૦૦–૨૦૨૦૦ (ગ્રેડ પે રૂા.૨૪૦૦)	રૂા.૫૩૦૦	બી.બી.એ /બી.કોમ./બી.એસ.સી. (ગણિતશાસ્ત્ર/આંકડા શાસ્ત્ર)/ બી.એ. (આંકડાશાસ્ત્ર /અર્થશાસ્ત્ર/ ગણિતશાસ્ત્ર) ની પદવી	––	૨૮ વર્ષથી વધુ નહીં

- જાહેરાત ક્રમાંકઃ૪ જુનિયર ટેકનીકલ આસિસ્ટન્ટ અને જાહેરાત ક્રમાંકઃ૫ સિનીયર ટેકનીકલ આસિસ્ટન્ટમાં અનુભવ તથા વધારાની લાયકાતના ધોરણે ઉંમરમાં છૂટછાટ મેળવવાપાત્ર ઉમેદવારોએ તેમનું અરજીપત્રક જરૂરી આધારભૂત પુરાવાઓ સાથે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. (આર.પી.એ.ડી) થી સંયુક્ત પસંદગી સમિતિ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગરને નિયત સમયમર્યાદામાં મોકલી આપવાનું રહેશે.
- ઉમેદવાર ભારતની સંસદ કે રાજ્ય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત યુનિવર્સિટી કે સંસદના એક્ટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી. એક્ટ ૧૯૫૬ના સેકશન –૩ હેઠળ યુનિવર્સિટી તરીકે સ્થાપિત થયેલ શૈક્ષણિક સંસ્થાની ઉપર દર્શાવ્યા મુજબની શૈક્ષણિક પદવી કે તેની સમકક્ષ શૈક્ષણિક લાયકાત ધરાવતાં હોવા જોઈએ.
- નાણા વિભાગના તા.૧૬–૨–૦૬, તા.૧–૮–૦૬ તથા તા.૬–૧૦–૨૦૧૧ ના ઠરાવ તથા સામાન્ય વહીવટ વિભાગનાં તા.૪–૬–૦૯ નાં ઠરાવની જોગવાઈઓને આધીન જે બોલીઓ/શરતો/નિયમો નકકી કરેલ છે તે તેમજ હવે પછી વખતો વખત સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવે તે બોલીઓ/શરતો/નિયમો ઉમેદવારને બંધનકર્તા રહેશે. પ્રવર્તમાન જોગવાઈઓને આધિન પ્રથમ પાંચ વર્ષ માટે ઉપર દર્શાવ્યા મુજબના વેતનના ધોરણે લાયક ઉમેદવારને અજમાયશી ધોરણે નિમણૂંક અપાશે. તે સિવાય અન્ય કોઈ ભથ્થા કે લાભો મળવાપાત્ર રહેશે નહીં. ત્યારબાદ પાંચ વર્ષની સંતોષકારક સેવા પૂર્ણ થયાની ખાત્રી થયા બાદ ઉપર જણાવેલ વિગતે અથવા સરકારશ્રી દ્વારા જે તે જગ્યા માટે વખતોવખત નિયત કરેલ મળવાપાત્ર પગાર ધોરણોમાં નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે.

<u>પરીક્ષાની રૂપરેખા અને વિષયોની વિગતઃ–</u>આ પરીક્ષામાં જાહેરાત ક્રમાંકઃ૧ થી ૭ માટે હેતુલક્ષી પ્રકારનું OMR પદ્ધતિનું એક પ્રશ્નપત્ર બે કલાકના સમયગાળા માટે લેવામાં આવશે.

- જાહેરાત ક્રમાંકઃ૧,૨,૩,૬ અને ૭ માં સામાન્ય જ્ઞાન અને બુધ્ધિ કૌશલ્યના વિષય સંબંધિત બાબતોનું તથા ગુજરાતી અને અંગ્રેજી વ્યાકરણ, ગણિતશાસ્ત્ર તેમજ રોજબરોજની મહત્વની બાબતો અને જે તે સંવર્ગની શૈક્ષણિક લાયકાતના વિષયોને અનુરૂપ હેતુલક્ષી પ્રશ્નોવાળું પ્રશ્નપત્ર રહેશે.

- જાહેરાત ક્રમાંકઃ ૪ જુનીયર ટેકનીકલ આસીસ્ટન્ટ માટે સામાન્ય જ્ઞાન અને બુદ્ધિ કૌશલ્યના વિષય સંબંધિત બાબતોનું તથા ગુજરાતી અને અંગ્રેજી વ્યાકરણ, ગણિતશાસ્ત્ર તેમજ રોજબરોજની મહત્વની બાબતો, વાણિજ્ય, વેપાર, બેંકીંગ, ઈન્સ્યોરન્સ, બેલેન્શશીટ, નાણાકીય વ્યવહારો, એકાઉન્ટસ–ઓડિટીંગ તથા કાયદાશાસ્ત્રને લગતાં પ્રશ્નોવાળું પ્રશ્નપત્ર રહેશે.
- જાહેરાત ક્રમાંકઃ ૫ સિનીયર ટેકનીકલ આસીસ્ટન્ટ માટે સામાન્ય જ્ઞાન અને બુદ્ધિ કૌશલ્યના વિષય સંબંધિત બાબતોનું તથા ગુજરાતી અને અંગ્રેજી વ્યાકરણ, ગણિતશાસ્ત્ર તેમજ રોજબરોજની મહત્વની બાબતો, વાણિજ્ય, વેપાર, બેંકીંગ, ઈન્સ્યોરન્સ, બેલેન્શશીટ, નાણાકીય વ્યવહારો, એકાઉન્ટસ–ઓડિટીંગ, કાયદાશાસ્ત્ર, પ્રેક્ટીસ એન્ડ પ્રિન્સીપલ્સ ઓફ ઈન્સ્યોરન્સ, પ્રિમિયમ રેટ્સ, રીસ્ક મેનેજમેન્ટ એન્ડ મીનીમાઈઝેશન, આંતરરાષ્ટ્રીય વીમા બજારને લગતાં પ્રશ્નોવાળું પ્રશ્નપત્ર રહેશે.

૩.રાષ્ટ્રીયતા:– ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ–૭ હેઠળ કરવામાં આવેલ જોગવાઈ મુજબ પાત્રતા ધરાવતો હોવો જોઈએ.

૪. ઉમેદવાર ગુજરાતી / હિન્દી અથવા બંન્ને ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

૫. કોમ્પ્યુટર જાણકારી:–

(૧) ઉમેદવાર રાજ્ય સરકારનાં ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ અન્વયે ઠરાવેલી કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ. (૨) સામાન્ય વહીવટ વિભાગનાં તા.૧૩–૮–૦૮ ના સરકારી ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર–૧૦–૨૦૦૭–૧૨૦૩૨૦–ગ.૫ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ સરકાર માન્ય તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ–૧૦ અને ધોરણ – ૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતાં હોવા જોઈએ. આ તબકકે આ પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ નિમણૂંક મેળવતાં પહેલાં આ પ્રમાણપત્ર અચૂક રજુ કરવાનું રહેશે અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે નહીં.

૬. વય મર્યાદામાં છૂટછાટ:–

- મૂળ ગુજરાતના હોય તેવા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક રીતે પછાત ઉમેદવારોનાં કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર પાંચ(૫) વર્ષની છૂટછાટ આપવામાં આવશે.
- વિકલાંગ ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧–૧૨–૨૦૦૮ના પરિપત્ર ક્રમાંકઃપરચ–૧૦૨૦૦૮–૪૬૯૫૪૦–ગ.૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેન્ડેન્ટ /સિવિલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે.
- સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨–૫–૧૯૯૭ નાં ઠરાવની જોગવાઈ મુજબ મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં પાંચ(૫) વર્ષની છૂટછાટ આપવામાં આવશે.
- માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ નૌ સેના, વાયુ સેના અને ભૂમી આર્મ્ડ ફોર્સીસમાં ઓછામાં ઓછા છ(૬) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ/પ્રમાણપત્ર ધરાવતાં હોય તો મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ(૩) વર્ષ સુધીની છૂટછાટ મળશે.

નોંધ:–

૧) તમામ કેટેગરીનાં ઉમેદવારોની ઉપલી વય મર્યાદા છૂટછાટ સાથે કોઈપણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઈશે નહીં.

૨) તમામ ઉમેદવારોના કિસ્સામાં જાતિનું પ્રમાણપત્ર,વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત, વધારાની લાયકાત, અનુભવ અને નોન ક્રિમિલિયર સર્ટીફીકેટ અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે.

૭. અરજી ફી

(૧) બિન અનામત પુરૂષ /મહિલા ઉમેદવારોએ પરીક્ષાની તારીખ નક્કી થયા બાદ ખરીદેલ તેમજ અધ્યક્ષશ્રી, સંયુક્ત પસંદગી સમિતિ, નાણા વિભાગના નામનો ક્રોસ્ડ રૂ.૧૦૦ (અંકે રૂપિયા એક સો પુરા)નો ભારતીય પોસ્ટલ ઓર્ડર અથવા કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકનો અધ્યક્ષશ્રી, સંયુક્ત પસંદગી સમિતિ, નાણા વિભાગના નામનો ગાંધીનગર ખાતે ચુકવવાપાત્ર **A/c Payee Only** સૂચનાવાળો બેંક ડ્રાફ્ટ અથવા પે ઓર્ડર પરીક્ષા સમયે સાથે લાવી પરીક્ષા હોલમાં ઈન્વીજીલેટરને સોંપવાનો રહેશે. ભારતીય પોસ્ટલ ઓર્ડર /બેંક ડ્રાફ્ટ / પે ઓર્ડર વગર આવેલ બિન અનામત ઉમેદવારને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં. (૨) મૂળ

ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારોએ અરજી ફી ભરવાની રહેતી નથી. (૩) મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરે તો પણ તેઓએ અરજી ફી ભરવાની રહેતી નથી. (૪) વિકલાંગ (Disabled) વ્યક્તિઓ તથા માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી. (૫) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી.

૮. પસંદગી પ્રક્રિયા:–

જાહેરાતમાં દર્શાવેલ સંવર્ગની જગ્યા ઉપર પસંદગી પામવાના હેતુસર ઉમેદવારે હેતુલક્ષી પ્રશ્નોવાળી OMR પદ્ધતિથી લેવાનાર પરીક્ષાની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. વધુમાં જ્યાં અનુભવ જરૂરી છે તે સંવર્ગોમાં અનુભવને લક્ષમાં લઈ મેરીટના ધોરણે અગ્રતાક્રમ મુજબ કેટેગરીવાર ખાલી જગ્યા ઉપર જે તે કેટેગરીના લાયક ઉમેદવારની નિમણૂંક માટે ફાળવવા પસંદગી યાદી બનાવવામાં આવશે. આ જગ્યાઓ પર નિમણૂંક માટે કોઈ મૌખિક ઈન્ટર્વ્યુ / રૂબરૂ મુલાકાત રાખવામાં આવનાર નથી.

૯. સામાન્ય સુચનાઓ:–

(૧) જો એકથી વધુ જગ્યા માટે અરજી કરવી હોય તો દરેક જગ્યા માટે અલગ–અલગ અરજી કરવાની રહેશે અને અરજી ફી પણ અલગ ભરવાની રહેશે.

(૨) જાહેરાત ક્રમાંક:૪/૨૦૧૧–જુનીયર ટેકનીકલ આસીસ્ટન્ટ અને જાહેરાત ક્રમાંક:૫/૨૦૧૧–સીનીયર ટેકનીકલ આસીસ્ટન્ટ સંવર્ગોની પરીક્ષાનું કેન્દ્ર અમદાવાદ રહેશે. જાહેરાત ક્રમાંક:૬/૨૦૧૧ સીનીયર કલાર્ક(અનુસૂચિત જનજાતિ બેકલોગ)સંવર્ગની પરીક્ષા માટેના કેન્દ્રો અમદાવાદ અને સુરત રહેશે. જ્યારે જાહેરાત ક્રમાંક:૧/૨૦૧૧, ૨/૨૦૧૧, ૩/૨૦૧૧ અને ૭/૨૦૧૧ હેઠળના સંવર્ગો માટેના પરીક્ષા કેન્દ્રો અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત અને રાજકોટ રહેશે. તેમ છતાં ઉમેદવારોની સંખ્યા, પરીક્ષા કેન્દ્રોની ઉપલબ્ધી તથા વહીવટી અનુકૂળતા વગેરે પરીબળોને ધ્યાને લઈ આ કેન્દ્રોમાં સંયુક્ત પરીક્ષા સમિતિ વધારો / ઘટાડો કરી શકશે.

(૩) સદરહુ ભરતી સંબંધી તમામ સુચનાઓ/વિગતો વખતોવખત વેબસાઈટ પરથી જોવા મળી શકશે.

(૪) ઉમેદવારે નિયત અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ સંયુક્ત પસંદગી સમિતિ /ખાતા દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે, અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.

(૫) શારીરિક અશકતતા ધરાવતાં ઉમેદવારોએ ઓનલાઈન ફોર્મમાં પર્સનલ ડીટેઈલ્સમાં પોતાની અશકતતાની ટકાવારી દર્શાવવાની રહેશે.

(૬) ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ)માં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૭) આ સંવર્ગની ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે.

(૮) ઉમેદવાર પોતે આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો દાવો કરવાને હકકદાર થશે નહીં. નિમણૂંક કરનાર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે જાહેર સેવા માટે તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર અને આ જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર યોગ્ય જણાતો નથી, તો તે તબકકે આ ઉમેદવારને નિમણૂંક ન આપવાનો નિર્ણય લઈ શકશે અને આ બાબતે નિમણૂંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૯) આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે જે તે સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમોને આધિન રહેશે.

(૧૦) આ જાહેરાત કોઈપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યામાં વધ–ઘટ કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો ખાતાને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહીં.

(૧૧) (અ) સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં તેઓનો સમાવેશ થતો નથી તે મતલબનું પ્રમાણપત્ર સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ૦૬–૦૨–૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ–ક માં તા.૩૧–૦૩–૨૦૧૧ના રોજ પુરા થયેલ ૨૦૧૦–૧૧ ના નાણાકીય વર્ષની આવકને ધ્યાને લઈને, તા.૦૧–૦૪–૨૦૧૧ના રોજથી તા.૦૫–૧૨–૨૦૧૧ સુધી યોગ્ય સત્તાધિકારીએ આપેલ હોવું જોઈએ અને આ પરિશિષ્ટ–ક નો નંબર અને તારીખ ઓનલાઈન અરજી વખતે દર્શાવવાનો રહેશે. પરિશિષ્ટ–ક ના સ્થાને એનેક્ષર–એ નું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહીં.

(બ) પરણીત મહિલા ઉમેદવારે આવું પ્રમાણપત્ર તેણીના માતા–પિતાની આવકના આધારે રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના આધારે આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.

(ક) અરજી સાથે પરિશિષ્ટ–ક ને બદલે એનેક્ષર–એ (અંગ્રેજીમાં) રજૂ કરેલ હશે તો પણ આવા ઉમેદવારની અરજી સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગની જગ્યા માટે માન્ય ગણવામાં આવશે નહીં.

(૧૨) જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ ઉપર ઉમેદવારોની પસંદગી સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે કરવામાં આવશે.

(૧૩) ગુજરાતના સરકારી કર્મચારી આ જાહેરાત સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે પરંતુ તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ / ખાતા / કચેરીને દિન–૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના વિભાગ/ખાતા / કચેરી તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહી આપવાની સમિતિને જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ (૧) થી (૧૧) અનુસરવાના રહેશે. કન્ફરમેશન નંબર મળ્યા પછી જ અરજી સંપૂર્ણ રીતે ભરાયેલ ગણાશે.

અરજી કરવાની રીતઃ–

આ જાહેરાતના સંદર્ભમાં બોર્ડ દ્વારા એન.આઈ.સી. ની http://ojas.guj.nic.in વેબસાઈટ મારફત ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા તા.૧૪–૧૧–૨૦૧૧ (૧૭.૦૦ કલાકથી) થી તા.૦૫–૧૨–૨૦૧૧ (સમય રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન વેબસાઈટ http://ojas.guj.nic.in પર અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે (૧) સૌ પ્રથમ કોમ્પ્યુટરમાં ઈન્ટરનેટમાં વેબસાઈટ http://ojas.guj.nic.in પર જવું હવે (૨) Apply Online પર Click કરવાથી ભરવાપાત્ર જગ્યાનો જાહેરાત ક્રમાંક, નામ અને અરજી કરવાની મુદતની વિગત દેખાશે. (૩) અરજી કરવા ઈચ્છતા ઉમેદવારે જગ્યા પસંદ કરેથી તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ Personal Details ઉમેદવારે ભરવાની ભરવી. (અહી લાલ (*) ફુંદડી નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે. (૫) Personal Details ભરાયાદ બાદ Educational Details ભરવા માટે Educational Details પર Click કરવું. (૬) હવે ઉમેદવારે પરીક્ષા કેન્દ્ર (exam centre) પર Click કરવું. અહીં પસંદગીના પરીક્ષા કેન્દ્રની વિગત પસંદ કરવી (૭) તેની નીચે Self Declaration માં Yes / No પર Click કરવું. (૮) હવે Save પર Click કરવાથી તમારી અરજીનો online સ્વીકાર થશે. અરજીના સ્વીકારથી આપનો Application Number જનરેટ થશે, જે ઉમેદવારે નોંધી લેવાનો અને સાચવીને રાખવાનો રહેશે. (૯) હવે પેજના ઉપરના ભાગમાં Upload Photo પર Click કરો અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ ok પર Click કરો. અહી Photo અને Signature Upload કરવાના છે. (ફોટાનું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી પહોળાઈ અને Signature નું માપ ૨.૫ ઉંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી) Photo અને Signature Upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format માં (15 kb) સાઈઝથી વધારે નહી તે રીતે Computer માં હોવો જોઈએ) Browse Button પર Click કરો અને Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં JPG format માં તમારો Photo Store થયેલ છે તે ફાઈલને Select કરો અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં Upload Button પર Click કરો જેથી બાજુમાં તમારો Photo દેખાશે. હવે આ જ રીતે Signature પણ Upload કરવાની રહેશે. (૧૦) હવે પેજના ઉપરના ભાગમાં Confirm Application પર Click કરો. જ્યાં Application Number તથા Birth Date Type કર્યા બાદ OK પર Click કરવાથી બે (૨) બટન ૧: Application Preview ૨: Confirm Application દેખાશે. ઉમેદવારે Application Preview પર Click કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. અરજી Confirm કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm કર્યા બાદ અરજીમાં કોઈપણ સુધારો થઈ શકશે નહીં. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm Application પર Click કરવું. Confirm Application પર Click કરવાથી ઉમેદવારની અરજીનો સંયુક્ત પસંદગી સમિતિમાં online સ્વીકાર થઈ જશે. અહીં Confirmation Number Generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation Number સિવાય કોઈપણ પત્રવ્યવહાર કે પરીક્ષાને લગતી કોઈપણ કાર્યવાહી કરી શકાશે. નહીં. આ નંબર ભવિષ્યમાં આ

જાહેરાતના સંદર્ભમાં સંયુક્ત પસંદગી સમિતિ સાથેના કોઈપણ પત્રવ્યવહારમાં સંદર્ભ તરીકે દર્શાવવાનો રહેશે. (૧૧) હવે Print Application પર Click કરવું અહીં તમારો Confirmation Number ટાઈપ કરવાનો અને Print પર Click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી. (૧૨) અરજી Confirm થયેથી તુરત જ અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર SMS મળશે. આપના મોબાઈલ નંબર ઉપર સમિતિ દ્વારા આ જાહેરાત સંદર્ભે SMS થી જાણ કરવામાં આવશે. (૧૩) આ જાહેરાત સંબંધિત પરીક્ષા અને પસંદગી પ્રક્રિયા સંદર્ભની તમામ સૂચનાઓ આપે અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર જ SMS થી જાણ કરવામાં આવશે જેથી આ પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થાય નહી ત્યાં સુધી આપનો મોબાઈલ નંબર બદલવો નહી. અન્યથા પરીક્ષા સંબંધિત સૂચનાઓ આપને નહી મળે તો સંયુક્ત પસંદગી સમિતિની જવાબદારી રહેશે નહીં.

આ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાના ભરતી નિયમો અન્વયે શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, વયમર્યાદામાં છૂટછાટ, પરીક્ષા ફી અને પરીક્ષાને લગતી પસંદગીની પદ્ધતિની અને જાહેરાતની અન્ય તમામ વિગતો (૧) એન.આઈ.સી. ની વેબસાઈટ http://ojas.guj.nic.in ઉપર (૨) નાણા વિભાગ, ગાંધીનગરની વેબસાઈટ http://financedepartment.gujarat.gov.in ઉપર જોવા મળશે. ઉમેદવારે ઓનલાઈન અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને ઉમેદવારે નિમણૂંક સત્તાધિકારી સમક્ષ રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અન્ય લાયકાતોને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે નિમણૂંક અધિકારી દ્વારા ચકાસણી દરમ્યાન ખોટા માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારોની ઉમેદવારી નિમણૂંક સત્તાધિકારી /સમિતિના પરામર્શમાં રદ કરવામાં આવશે.તેમજ ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે તેમજ આવા ઉમેદવારની જો પસંદગી /નિમણૂંક થયેલ હશે તો સંબંધિત કચેરી દ્વારા સંયુક્ત પસંદગી સમતિના પરામર્શમાં કોઈપણ તબક્કે રદ કરવામાં આવશે. આ સંવર્ગની સીધી ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ અને વખતો વખત તેમાં થયેલ સુધારા અને તે અન્વયે આ સંવર્ગોના ભરતી નિયમો / પરીક્ષા નિયમોને આધિન રહેશે. આ જગ્યાની ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાતમાં કોઈપણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંયુક્ત પસંદગી સમિતિને સંપૂર્ણ હક્ક /અધિકાર રહેશે અને સંયુક્ત પસંદગી સમિતિ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

અરજી કરવામાં કોઈ મુશ્કેલી કે અડચણ જણાય તો ટોલ ફ્રી નંબરઃ ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ ઉપર ફોન કરી માર્ગદર્શન મેળવી શકાશે.

(સંજીવ કુમાર)
અધ્યક્ષ
સંયુક્ત પસંદગી સમિતિ
નાણા વિભાગ, સચિવાલય,
ગાંધીનગર

તારીખઃ-૧૨/૧૧/૨૦૧૧
સ્થળઃ- ગાંધીનગર